# ચિલોડા ખાતે વિશ્વ યોગ દિન ઉજવાયો



ચિલોડા, તા. ૨૧

તાલુકાના ચિલોડા સ્થિત ચિલોડા સ્કૂલ ખાતે યોગ દિવસની ઉજવણી વિશિષ્ટ રીતે દબદભાભેર પ્રારંભ કરાયો હતો. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ ભેટ એટલે યોગ જે અનુસાર ૨૧મી જૂન વિશ્વયોગ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. તે અંતર્ગત ચિલોડા સ્કૂલ ખાતે ચાર દિવસ ધો. ૯ થી ૧૨ના તમામ બાળકોને વ્યાયામ શિક્ષક યોગ માસ્ટર ટ્રેનર પ્રિતેશ જે. પટેલની રાહબરી હેઠળ યોગથી થતા ફાયદા અને યોગ વિશે માર્ગદર્શન દ્વારા યોગ નિદર્શન તેમજ બાળકોને યોગ કરાવવામાં આવ્યા હતા. શાળાના બાળકો શિક્ષકો-વાલીઓ તથા ગ્રામજનોને કાર્યક્રમની ઉજવણીનો સંદેશો પાઠવી સર્વેને સહભાગી બનાવ્યા હતા. ૨૧મી જૂને વિશ્વ યોગદિવસે ગ્રામજનો-વાલીઓ, બાળકો, શિક્ષકોને સવારે ૭ કલાકે યોગ માટે પ્રાથમિક જરૂરિયાત પુરી પાડવામાં આવી હતી. કાર્યક્રમની રૂપરેખા પ્રમાણે ભાગ-૧માં પ્રાર્થના અને શ્લોકગાન કરાવવામાં આવ્યુ હતુ. ભાગ-૨ પ્રમાણે ૩ મિનિટ હળવી કસરત જેવી કે ગરદનનું પરિભ્રમણ, કાંડાનું પરિભ્રમણ અને ખભાનું પરિભ્રમણ કરાવાવમાં આવ્યુ હતુ. ત્રીજા ભાગમાં ૧૫ મિનિટ સુધી યોગાસન તથા ઉભા આસનોમાં તાડાસન, વૃક્ષાસન, અર્ધ ચકાસન તથા ત્રિકાંનાસન વગેરેમાં બાળકોએ ખુબ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



વિશ્વ યોગ દિવસ નિમિતે ગાંધીનગર મેડીકલ કોલેજના પટાંગણમાં સવારે ૬ થી ૭ કલાક દરમિયાન યોગ શિબિરનું આયોજન કરાયું હતું. જેમાં ૧૦૦ થી વધુ તબિબિ શાખાના વિદ્યાર્થીઓ અને ડોક્ટર્સ જોડાયા હતા.

### અમદાવાદ ખાતે યોજાયેલ યોગ કાર્યક્રમમાં

# ગાંધીનગર જિલ્લામાંથી ૧૭ હજારથી વધુ નાગરિકો જોડાયા

ગાંધીનગર, તા. ૨૧

યોગ એ પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા મળેલી એક અમૂલ્ય ભેટ છે. સમગ્ર વિશ્વમાં તા.૨૧મી જૂનને યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આજે યોગ દિન નિમિત્તે અમદાવાદના જી.એમ.ડી.સી ગ્રાઉન્ડ ખાતે યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર જિલ્લાના ૧૭ હજારથી વધુ લોકોએ ભાગ લીધો હતો.

આજરોજ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે અમદાવાદના જી.એમ.ડી.સી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ યોગ કાર્યક્રમમાં ૫૪,૫૨૨ લોકોએ યોગ કરીને ગિનીસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડઝમાં નવો કીર્તિમાન સ્થાપતિ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ તા.૨૧મી જૂન, ૨૦૧૫માં આયુષ મંત્રાલય આયોજિત યોગ કાર્યક્માં નવી દિલ્હી ખાતે ૩૫,૯૮૫ લોકો દ્વારા એક સાથે એક જ સ્થળે યોગ કરવાનો વર્લ્ડ રેકોર્ડ પ્રસ્થાપિત કરાયો હતો. અમદાવાદ ખાતે યોજાયેલ યોગ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા કલેક્ટર સતીશ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી ડી.પી.દેસાઇ, નિવાસી અધિક કલેક્ટર એચ.એમ.જાડેજા સહિત ૧૭,૩૦૦ લોકોએ ભાગ લીધો હતો.

ગાંધીનગર જિલ્લામાંથી વધુમાં વધુ લોકો જોડાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર અને પતંજલિ યોગ વિધાપીઠ દ્વારા ૩૦૦થી વધુ વાહનોની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર વ્યવસ્થાનું સુચારું આયોજન જિલ્લા આયુર્વેદ અધિકારી ભાવનાબેન પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી એમ.એસ.બારડ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. દિનેશ કલસરિયા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઉઘરાણી કરવા ઘરે પહોંચેલો શખ્સ દેવાદારની પત્નિની છેડતી કરી ગયો

### કોલવડાના શખ્સ સામે પોલિસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨૧

ન્યુ ગાંધીનગર ખાતે કુડાસણની એક સોસાયટીમાં આજે સવારે એક ચર્ચાસ્પદ ઘટના બનવા પામી હતી. દેવામાં સપડાયેલો યુવાન બહાર ગયો ત્યારે લેણદારો ઘરે આવી પહોંચ્યા હતા અને તેની પત્નિ સાથે માથાકુટ કરી શારિરીક છેડછાડ કરી અભદ્ર માંગણીઓ કરી હતી. આ મામલે યુવાનની પત્નિએ ફરિયાદ આપતા ઈન્ફોસીટી પોલિસે કોલવડાના શખ્સ અને તેના સાગરીત સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

કુડાસણ નજીકની એક સોસાયટીમાં રહેતા યુવાન પાસે કોલવડાના અજીતસિંહ સેંધાજી વાઘેલાને ઉઘરાણી બાકી હતી. આજે સવારે યુવાન ઘરે હાજર ન હતો ત્યારે અજીતસિંહ તેના સાગરીતને લઈને કુડાસણ રહેતા તે યુવાનના ઘરે પહોંચી ગયા હતા. યુવાનની પત્નિએ દરવાજો ખોલ્યો ત્યારબાદ ઉઘરાણી મામલે માથાકુટ કરી યુવાનની પત્નિ સાથે શારિરીક છેડછાડ કરી અભદ્ર માંગણીઓ કરી હતી. આ મામલે યુવાનની પત્નિએ ઈન્ફોસીટી પોલિસને અજીતસિંહ તથા તેના સાગરીત સામે આઈપીસી કલમ ૧૯૫-એ, ૩૫૪-એ, ૫૦૪ અને ૫૦૬ (૨) મુજબ ગુનો દાખલ કરી પીએસઆઈ એમ.આર. પટેલે આરોપીઓની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

# મધુર ડેરી ખાતે યોગ દિવસની દબદબાભેર ઉજવણી કરાઈ

### ડેરીના ૭૦૦ થી વધુ અધિકારી-કર્મચારીઓએ લાભ લીધો



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મધુર ડેરી ગાંધીનગર ખાતે વિશ્વ યોગ દિવસ અંતર્ગત આજરોજ સવારના ૫ થી ૭.૩૦ કલાક દરમિયાન મધુર ડેરી ખાતે અધિકારી-કર્મચારી સહિત નગરજનો માટે ડેરીના પ્રાંગણમાં યોગ શિબિરનું આયોજન કરાયું હતું. ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવા ભારત સરકાર તરફથી ૨૧ જૂનના દિવસને વિશ્વ યોગ દિવસ તરીકે જાહેર કરવામાં આવેલ છે. યોગ દિવસની ઉજવણી પ્રસંગે વિશ્વ વિક્રમ સર્જાય તેવા ઉમદા હેતુંથી સમગ્ર ભારતમાં યોગ શિબિરનું આયોજન કરાયું હતું.

ગાંધીનગર શહેરની મધુર ડેરી દ્વારા તા.૧૮ થી ૨૧ જૂન દરમિયાન યોગ શિબિરનું આયોજન કરાયું હતું. આ શિબિરમાં ડેરીના ચેરમેન ડો. શંકરસિંહ રાણા પણ જોડાયા હતા. ત્યારબાદ પ્રેરણાદાયી પ્રવચન પણ ઉપસ્થિત કર્મચારીઓને પુરુ પાડ્યું હતું. ડેરીના મેનેજીંગ ડિરેકટર, અધિકારી, કર્મચારીઓ સહિત કુલ મળીને અંદાજીત ૭૦૦ થી વધુ શિબિરાર્થીઓ હાજર રહ્યા હતા. આ શિબિરમાં યોગ નિષ્ણાંત પ્રવિણભાઈ તથા ચંદુભાઈ પટેલ દ્વારા યોગાસનો તથા તે અંગે વિસ્તારપૂર્વક માર્ગદર્શન પુરુ પાડીને આ શિબિરને સફળ બનાવી હતી.



### સે-૨માં ભારતીય યોગ સંસ્થાનના યોગ

ગાંધીનગરના સેકટર-૨ના ગાર્ડનમાં ભારતીય યોગ સંસ્થાન દ્વારા વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં યોગ સંસ્થાનના કાર્યકર્તાઓ જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતીય યોગ સંસ્થાનના ભારત ભરમાં ૩૨૮૦ અને વિદેશમાં ૪૦ યોગ કેન્દ્રો કાર્યરત છે. આ સંસ્થાના ગુજરાતમાં ૧૦૧ યોગ કેન્દ્રો પૈકી ગાંધીનગર શહેરમાં ત્રણ યોગ કેન્દ્રો કાર્યરત છે જેમાં સે-૨, સે-૩ અને સે-૬નો સમાવેશ થાય છે. સે-૨ના ગાર્ડનમાં આજે યોગ દિવસ નિમિત્તે વહેલી સવારથી યોજાયેલ કાર્યક્રમમાં યોગ-પ્રાણાયામ અને વિવિધ આસનો નિષ્ણાત પ્રશિક્ષકોના માર્ગદર્શનમાં કરાવાયા હતા.

# શહેરી બસ સેવા માટે પ્રધાનમંત્રી કાર્યાલયમાં ઉનાવાના વિદ્યાર્થીની રાવ!

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરી બસ સેવા છેલ્લા ત્રણેક માસથી બંધ છે.પરિણામે ઉનાવા, પેથાપુર, ચિલોડા અને અડાલજ, ચાંદખેડા, ૨૪-૨૫-૨૬-૨૭ અને જીઆઈડીસીના શ્રમજીવીઓ, પોલીટેકનીક, વાસન બાપુ નોલેજ ઓફ વિલેજના વિદ્યાર્થીઓ આ બસ સેવા બંધ થવાથી મુશ્કેલીમાં મુકાયા છે અને શટલીયા રીક્ષાચાલકો મન ફાવે તે રીતે ભાડુ વસુલે છે. પરિણામે ગાંધીનગરની આજુબાજુની જનતા શહેરી બસ સેવા બંધ થવાથી પારવાર મુશ્કેલી અનુભવે છે.

એસટીની કોઈ જવાબદારી ન હોય તેમ હાથ ઉંચા કરી દીધા હોય તેમ જણાય છે. એસટી તંત્ર દ્વારા આ રૂટો પર સ્પેશ્યલ બસો દોડાવી ડેપોમાં માઈક પર જાહેરાત કરવી જોઈએ તે વિષે સંપૂર્ણ મૌન ધારણ કરેલ હોય તેમ જણાય છે.

નગરપાલિકાના સત્તાવાળાને પદાધિકારીઓ મલાઈ તારવવામાં જનતાની કુસેવા કરી રહ્યા હોય તેમ લોક આક્રોશ જણાય છે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ ના થાય ત્યાં સુધી જુની વિટકોસ સેવા ચાલુ રાખવાથી કયાં દુ:ખાવો હતો તે જનતાને સમજાતું નથી.

આથી ઉનાવાના એક જાગૃત વિદ્યાર્થીએ વડાપ્રધાન કાર્યાલય નવી દિલ્હી પી.એમ.ઓ.માં આર.ટી.આઈ. કરીને આ પ્રશ્ન અંગે માહિતી માંગીને લોકજાગૃતિ લાવવા પ્રયત્ન કરેલ છે. હેતાંશ વિરેન્દ્રકુમાર જહા ધો-૬માં કડી સ્કુલમાં અભ્યાસ કરે છે જેણે શહેરી બસ સેવા માટે કાયદાકીય રીતે લડત આદરેલ છે.



### સે-૬માં મહિલાઓ માટે યોગ શિબિર

આજે વહેલી સવારથી ચોતરફ યોગની બોલબાલા રહી હતી. સ્વસ્થ મન અને સ્વસ્થ તન માટે યોગ એ આદર્શ કૂંચી છે. શહેરની મહિલાઓમાં પણ હવે યોગ પ્રત્યે જાગૃતિમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે. સ્વાસ્થ્ય પ્રેમી ગાંધીનગર શહેરના સેકટર-૬માં બગીચામાં આજે ભારતીય યોગ સંસ્થાન દ્વારા મહિલાઓ માટે ખાસ યોગ-પ્રાણાયામના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ઉપસ્થિત રહી યોગ-પ્રાણાયામ તથા વિવિધ આસનો અંગે નિષ્ણાંત મહિલા પ્રશિક્ષકો પાસેથી પ્રત્યક્ષ નિદર્શન સાથે માર્ગદર્શન મેળવ્યું હતું.

# લાયન્સ, લાયોનેસ અને લીયો કલબના હોદેદારોનો પદગ્રહણ સમારોહ યોજાયો




ગાંધીનગર, તા.૨૧ ફોટો

ગાંધીનગર શહેરમાં છેલ્લા ચાર દાયકા જેટલા સમયથી સામાજીક સેવામાં અગ્રેસર સંસ્થા લાયન્સ, લાયોનેસ અને લીયો કલબના વર્ષ-૨૦૧૭-૧૮ના નવિન હોદેદારોનો પદગ્રહણ સમારોહ સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે મંગળવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે યોજાયો હતો.આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે આઈ.જી.પી.(ગાંધીનગર રેંન્જ) આર.આર. બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના સભ્યો અને આમંત્રિત મહેમાનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

સ્વૈચ્છીક, સામાજીક અને સેવાકીય પ્રવૃતિઓમાં હંમેશા અગ્રેસર રહેતી લાયન્સ, લાયોનેસ અને લીયો કલબ દુનિયાના ૨૧૫ દેશમાં કાર્યરત છે. ઈન્ટરનેશનલ લેવલ પર ૧૦૦ વર્ષ પૂર્ણ કરી સંસ્થા ૧૦૧માં મંગલ પ્રવેશ કરી ચુકી છે. ત્યારે વિશ્વ લેવલે લાયન્સ કલબ દ્વારા દર એક મિનિટે ૨ સેવાકીય પ્રવૃતિ કરવામાં આવે છે. જેમાં બ્લડ ડોનેશન, આઈ કેમ્પ તેમજ ઓપરેશન, પર્યાવરણ, શિક્ષણ, આરોગ્યની સેવાઓનો સમાવેશ થાય છે. ત્યારે ગાંધીનગર શહેરમાં લાયન્સ, લાયોનેસ અને લીયો કલબ છેલ્લા ચાર દાયકાથી નગરમાં કાર્યરત છે. તેમજ શતાબ્દિ વર્ષમાં નિમેષ રાવલે વિવિધ પ્રજાલક્ષી પ્રવૃતિઓ કરી હતી. લાયન્સ, લાયોનેસ અને લીયો કલબના વર્ષ ૨૦૧૭-૧૮ના નવિન હોદેદારોની વરણી કરવામાં આવી છે. જેનો પદવીદાન સમારોહ સે-૧૨ આંબેડકર હોલ ખાતે યોજાયો હતો. જેમાં લાયન્સ પ્રમુખ તરીકે નયન મધુકર, લાયોનેસ પ્રમુખ તરીકે મિનાક્ષી જયસિંગાણી, તેમજ લીયો પ્રમુખ તરીકે મૌલિક પ્રજાપતિની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ પ્રસંગે પી.ડી.જી. લાયન વિનોદ પટેલ, ડીસ્ટ્રીકટ ૩૨૩ બી, ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તમામ નવિન પ્રમુખોને પદવીદાન બાદ સૌ સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.ત્યારે કાર્યક્રમમાં સંસ્થાના સભ્યો તેમજ હોદેદારો સહિત આમંત્રિત મહેમાનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસીએશન દ્વારા ટેલેન્ટ સર્ચ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત ક્રિકેટ એસોસીએશન, ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસીએશનના સહયોગથી અન્ડર-૧૬ અને ૧૯ના ખેલાડીઓ માટે ટેલેન્ટ સર્ચનું આયોજન કરેલ છે. તા. ૨૬મી જુન સવારે સાત વાગે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા સેક્ટર-૧૫ના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સર્ચ ટેલેન્ટ યોજાશે. જેની ખેલાડીઓએ નોંધ લેવી. રજીસ્ટ્રેશન કરાવવા માટે સાંઈના ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર તા. ૨૨મી જૂનથી ૨૫મી જૂન સુધી સાંજે ૪ થી ૬ માં કાર્તિક પરમાર તથા કોચ અલ્પેશ પરમારનો સંપર્ક કરવો. અન્ડર-૧૬ની કટ ઓફ ડેટ ૧-૯-૧૯૯૮ પછી જન્મેલા છે.

રજીસ્ટ્રેશન વખતે જન્મ તારીખનો, રહેઠાણનો પુરાવો લાવવો. ખેલાડીએ ક્રિકેટ ગણવેશમાં જ આવવુ. પોતાની કીટ સાથે ફરજીયાત લાવવી. આ ટેલેન્ટ સર્ચ ફક્ત ગાંધીનગર જિલ્લા પુરતુ છે. તેમ મેહુલ પટેલ પ્રમુખ, ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસીએશને જણાવેલ છે.

# સે. ૨માં ઈફતાર પાર્ટીમાં નગરસેવકનું સન્માન કરાયું



ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં પવિત્ર રમઝાન માસની ઉજવણી મુસ્લિમ બિરાદરો દ્વારા પરંપરાગત રીતે કરવામાં આવી રહી છે. આ સાથે શહેરમાં ઈફતાર પાર્ટીના આયોજનો પણ હાથ ધરવામાં આવી રહ્યાં છે. શહેરના સેક્ટર-૨ ખાતે નોબેલ કલ્ચર વેલફેર સંસ્થા દ્વારા ગઈકાલે સાંજે ઈફતાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વોર્ડ નં. ૮ના નગરસેવિકા પાયલબેન મેણાતનું સન્માન કરવામાં આવ્યું હતું.

નોબલ કલ્ચર વેલ્ફેર સંસ્થાના પ્રમુખ બશીરભાઈ શેખ દ્વારા કોર્પોરેટર પાયલબેન મેણાતને ગુલદસ્તો આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે પાયલબેન મેણાત દ્વારા તેમની ગ્રાન્ટમાંથી સંસ્થાને લોકસેવા માટે આર.ઓ. પ્લાન્ટ તથા વૉટરકુલરની સુવિધા પુરી પાડવામાં આવી છે. આ પ્રસંગે સંસ્થાના સેક્રેટરી મહંમદ અસ્લમભાઈ મન્સુરીએ કોંગ્રેસના વોર્ડ પ્રમુખ રાજેશભાઈ પ્રજાપતિનું પણ સન્માન કર્યુ હતુ. આ ઈફતાર પાર્ટીમાં અગ્રણી ગનીભાઈ મનસુરી, કાજી સિરાજ મિંયા, સિકંદર મલેક, અનિલભાઈ ચાવડા, કિરીટ પરેરા, મેહુલ સોલંકી, ભાવિન પરમાર, સુરેશભાઈ તથા વિનોદ મેણાત ,૫૦ થી વધુ મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહ્યા હતા.

## હરિની દષ્ટિ... - હરિન ભટ્ટ




નારાયણ નારાયણ... પ્રભુ, હવે તમારે કદાચ અવતાર લેવાની જરૂર નહીં પડે... આ બધા લોકો વર્લ્ડ રેકોર્ડ સાથે યોગી થઈ ગયા છે.....

# આગામી ૮મી જુલાઈએ જિલ્લામાં લોકઅદાલતો

ગાંધીનગર, તા.૨૧

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ સુપ્રિમ કોર્ટ દિલ્હી, ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ ગુજરાત હાઈકોર્ટ અમદાવાદની સૂચના અનુસાર અત્રેની જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર દ્વારા અત્રેની જિલ્લાની તમામ અદાલત તેમજ કલોલ, માણસા, દહેગામ, ગાંધીનગર ખાતે ૮મી જુલાઈના રોજ રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે.



ગાંધીનગર શહેરના સેક્ટર-૭ શોપિંગ સેન્ટર પાસે માર્ગ વચાળે ખુલ્લી ગટર આવેલી છે. સે. ૭ના રહેણાંક વિસ્તારમાં રહેતા રહિશો તેમેજ વેપારીઓ દ્વારા ગટરને ઝાંડી-ઝાંખરા અને પથ્થરોની આડશ કરવામાં આવી છે. ત્યારે રાત્રીના સમેય કોઈ નિર્દોષ વ્યક્તિ ભોગ બને તે પહેલા ગટરનું ઢાંકણું નાંખવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# જિલ્લામાં વિવિધ સ્થળોએ યોજાયેલ યોગમાં ૪ લાખ નાગરિકો જોડાયા

ગાંધીનગર, તા.૨૧

સમગ્ર વિશ્વ સાથે આજ રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી ગાંધીનગર જિલ્લામાં પણ વિવિધ સ્થળોએ કરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લાની તમામ શાળા, કોલેજ અને નગરપાલિકા અને તાલુક કક્ષાએ યોગ દિવસ નિમિત્તે યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળા-કોલેજોના બાળકો અને સ્થાનિક લોકો જોડાયા હતા. ગાંધીનગર જિલ્લામાં કુલ- ૧૨૫૧ સ્થળોએ યોગ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૨,૨૦,૫૩૪ પુરૂષ અને ૧,૮૬,૫૭૫ સ્ત્રીઓ મળી કુલ- ૪,૦૭,૧૦૯ લોકો સહભાગી બન્યા હતા. કાર્યક્રમને ૧૨૫૧ માસ્ટર ટ્રેનર અને ૧૪૫૭ કોઓર્ડીનેટરોએ સફળ બનાવ્યો હતો.